# મોડાસામાં મુસ્લિમ મહિલાઓએ "હમે ચાહિયે આઝાદી"ના નારા લગાવ્યા





## સીએએ અને એનઆરસીના વિરોધમાં ધરણા

મોડાસા, તા. ૪

સીએએ અને એનઆરસીનો સમગ્ર દેશમાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા પણ મોડાસા શહેર સહીત જીલ્લામાં શાંતિપૂર્વક સ્વયંભૂ કરફ્યુ અને ધરણા યોજી સીએએ અને એનઆરસીનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે મોડાસા શહેરમાં લઘુમતી સમાજની મહિલાઓએ ધી ઘાંચી હાઈસ્કૂલ સામેના મેદાનમાં ધરણા યોજી "હમે ચાહિયે આઝાદી"ના નારા લગાવી સીએએ અને એનઆરસી સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો.

મંગળવારે બપોરે મોડાસા શહેરની કોલેજ પાછળ આવેલી ધી ઘાંચી હાઈસ્કૂલના મેદાનમાં લઘુમતી સમાજની ૫ થી ૬ હજાર જેટલી મહિલાઓ અને યુવતીઓએ સીએએ અને એનઆરસી સામે વિરોધ નોંધાવવા ધરણા યોજ્યા હતા. ધરણા પ્રદર્શનમાં ત્રિરંગા અને વિરોધ પ્રદર્શન કરતા બેનર જોવા મળ્યા હતા. આ ધરણા કાર્યક્રમમાં "હમે ચાહિયે ભાજપશે આઝાદી" "હમે ચાહિયે નાત-જાત-પાત સે આઝાદી" "હમે ચાહિયે મનુવાદ સે આઝાદી" અને હમે ચાહિયે ગરીબી-ભૂખમરા સે આઝાદી"ના નારા લાગ્યા હતા.

## જિગ્નેશ મેવાણીના ઉપસ્થિતમા વડગામ તાલુકા પંચાયતમાં આયોજનની બેઠક

વડગામ તાલુકા પંચાયત ખાતે વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના અધ્યક્ષસ્થાને તાલુકા સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં ખાસ અંગભુત યોજના હેઠળ તેમજ આયોજન હેઠળના કામો સમયસર મંજુર કરવા તેમજ ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા, ગટરની વ્યવસ્થા, આંગણવાડી, શિક્ષણ જેવા કામોને અગ્રીમતા આપવી તેમજ અન્ય તાલુકા મા વિકાસલક્ષી કાર્યો કરવા જેવી ચર્ચાઓ કરાઇ હતી. જેમા તાલુકા પંચાયતના પંચાયત પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી સહિત આયોજન કમીટીના સભ્યો હાજર રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતમાં કોરોના વાઈરસે દસ્તક દીધી


## હિંમતનગરમાં ૨ અને મહેસાણામાં ૧ કોરોના વાઈરસના શંકાસ્પદ કેસ

હિંમતનગર, તા. ૪

ચીનમાં સૌ પ્રથમ દેખાયેલા કોરોના વાયરસે ધીરે ધીરે હાહાકાર મચાવતા લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. કોરોના વાઈરસે વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે.

ભારતમાં કેરળમાં કોરોના વાયરસના કેસ નોંધાયા છે પછી પશ્ચિમ બંગાળમાં કોરોના વાઈરસે દસ્તક દીધી છે. ગુજરાતમાં પણ કોરોના વાઈરસનો સંકટ તોળાઈ રહ્યો હતો ત્યારે ચીનથી પરત ફરેલા સાબરકાંઠા જીલ્લાના ૨ અને મહેસાણા જીલ્લાના ૧ વિદ્યાર્થી ખાંસી અને તાવની ફરિયાદ ઉઠતા હિંમતનગર અને મહેસાણાની સિવિલમાં બનાવેલાં આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે, હાલ ત્રણે વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ ઓબ્જર્વેશનમાં રાખવામાં આવ્યા છે.

કોરોના વાઈરસને કારણે ચીનમાં રહેતા અને અભ્યાસ માટે ગયેલા ગુજરાતના વિદ્યાર્થીઓ તેમજ




વેપારીઓ શક્ય એટલી ઝડપથી પરત આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા સુચના આપવામાં આવી છે કે ૧૫ જાન્યુઆરી બાદ ચીનથી ગુજરાત આવેલા તમામનું ફરીથી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સાબરકાંઠા જીલ્લામાં ચીનમાંથી પરત ફરેલા બે વિદ્યાર્થીઓ સ્થાનિક સ્ક્રીનિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા છે. ઉત્તર ગુજરાતમાં ૨૧૭ ચીનથી પરત ફરેલ વિદ્યાર્થીઓ અને મુસાફરોની સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે.

૧૩ જાન્યુઆરીએ વતન પરત ફરેલી મહેસાણાની મેડિકલની વિદ્યાર્થિનીએ ઘરે પરત ફર્યા બાદ ખાંસી અને તાવની ફરિયાદ કરી હતી. કોરોના વાયરસના ભયને કારણે તાત્કાલિક વિદ્યાર્થિનીને મહેસાણા સિવિલમાં બનાવવામાં આવેલાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી દેવામાં આવી છે.

## અરવલ્લીના ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં ચતુર્થ વાર્ષિક પાટોત્સવ અને શાકોત્સવ યોજાયો

ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં ચતુર્થ વાર્ષિક પાટોત્સવ અને શાકોત્સવ તથા નુતન કળશ ધ્વજદંડ સ્થાપનાનો કાર્યક્રમ યોજાયો હતો. પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સ.ગુ. ભંડારી સ્વામી જાનકી વલ્લભ દાસજીની શુભ પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીના માર્ગદર્શન ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ અને દ્વિતિય પાટોત્સવની પણ ઉજવણી કરાઈ હતી. લોકોએ ભગવાનના દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.




ખેડબ્રહ્મા શહેરના એક વેપારીને રાજકોટ પોલીસે ઇ-મેમો મોકલી આપ્યો છે. પરંતુ વિચારવા જેવી વાત એ છે કે તેમની મારૂતિ ફ્રન્ટી કાર છેલ્લા એક મહિનાથી ઘરે જ પડી રહી છે. તેમ છતાં આ નંબરની કારને રાજકોટ શહેર પોલીસે ઇ-મેમો પોસ્ટ દ્વારા મોકલી આપતા કાર માલિક અચંબામાં પડી ગયા છે. આ સાથે મેમોમાં તમામ વિગતો વેપારીની ફ્રન્ટી કારની છે પરંતુ ફોટો મારૂતી વાનનો હોવાથી ચર્ચાનો વિષય બન્યો છે. સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરના એક વેપારીને ઘરે બેઠા તેની કારનો ઇ-મેમો મળ્યો હોવાનું સામે આવ્યુ છે. શહેરના ભરતકુમાર જી.ચૌહાણ પાસે જીજે-૧-એચસી ૮૭૩૬ નંબરની મારૂતી ફ્રન્ટી કાર છે અને આ કાર હાલમાં છેલ્લા એક માસથી ઘરે પડી રહી છે. તેમ છતાં આ નંબરની કારને રાજકોટ શહેર ટ્રાફીક પોલીસે ઈ-મેમો પોસ્ટ દ્વારા મોકલી આપતાં કાર માલીક અચંબામાં પડી ગયા હતા. સુત્રોએ જણાવ્યુ હતુ કે, મેમોમાં વિગતો ભરતભાઈ ચૌહાણ તથા ફ્રન્ટી કારની છે જયારે મેમોમાં ફોટો મારુતી વાનનો છે અને તેનો નંબર જીજે ૧ એચસી ૩૭૩૬ સ્પષ્ટ વંચાય છે. હવે સમગ્ર મામલે ભૂલ ગણવી કે ભણીને અભણની જેમ વહીવટ કરવો તેવા સવાલો રાજકોટ શહેર ટ્રાફીક પોલીસ સામે ઉઠી રહ્યા છે. ફોટામાં બતાવેલ ગાડી નંબર માલીકને ઈ-મેમો આપવાને બદલે બીજાને પધરાવી દેતાં રાજકોટ શહેર પોલીસ કમિશનર સામે મેમા સંબંધિત પ્રશ્ન ઉપસ્થિત થતા હવે આપણુ તો આવુ નહી થાય ને? તેવો એક ડર લોકોના સતાવી રહ્યો છે.

# માલપુરમાં સગીરા પર વિધિના બહાને દુષ્કર્મ આચરનાર ભૂવાને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

## મહિસાગરની પરિણીત સગીરાને માલપુરની વાત્રક નદીના પટમાં વિધિ કરવાના બહાને દુષ્કર્મ

મોડાસા, તા. ૪

૨૧ માર્ચ ૨૦૧૮ના રોજ એક મહિસાગરની સગીર પરિણીતાની સાસુની તબિયત સારી રહેતી ન હોવાથી અંધશ્રધ્ધાનો ભોગ બનીને ધનસુરા તાલુકાના રમાણા ગામના અને ભૂવાનું કામ કરતા શખ્સ પાસે જઈને વિધિ કરાવવાનું નક્કિ કર્યું હતું. સવારે મહિસાગર નદીના પટમાં પૂજા કર્યા બાદ ભૂવાએ બપોરના સમયે માલપુરની વાત્રક નદીમાં વિધિ કરવા માટે સગીરા અને તેના પતિને બોલાવ્યા હતા. પતિને તાંત્રિક વિધિના બહાના હેઠળ થોડે દૂર મોકલી પરિણીતા પર દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી હતી જેના પગલે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા માલપુર પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટે કાંતિ અરજણભાઈ ભરવાડ નામના ભુવાની ધરપકડ



કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

ધનસુરા તાલુકાના રમાણા ગામના અને ભૂવાનું કામ કરતા કાન્તિ અરજણભાઈ ભરવાડે વિધિ શરૂ કરી મહિસાગર નદી અને વાત્રક નદીનું પાણી એકઠું કરી સગીરાના પતિને આપ્યું હતું અને મોડાસા જઈ માજુમ નદીમાં પાણી અર્પણ કરી આવવા માટે સગીરાના પતિને જણાવ્યું હતું અને સગીરાને વિધિ માટે માલપુર જ રહેવા જણાવ્યું હતું. દરમિયાન અંધશ્રધ્ધામાં અંધ બનેલ પતિ સગીરાને ભૂવા પાસે મુકી મોડાસા જવા નિકળી ગયો હતો. તે સમયે ભૂવાએ સગીરાની એકલતાનો લાભ લઈ વાત્રક નદીમાં પાણી અર્પણ તથા વિધિ કરવાના બહાને તેને નદીની કોતરોમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. મોડાસામાં પાણી અર્પણ કરીને પતિ પરત આવતાં સગીર વયની પત્ની સાથે ભૂવાએ દુષ્કર્મ આચર્યું હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે માલપુર પોલીસ મથકમાં ભૂવા સામે બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

જે અંગેનો કેસ મોડાસાની સ્પે.પોક્સો કોર્ટમાં ચાલી જતાં તમામ પુરાવા અને સરકારી વકીલ ડી.એસ. પટેલની દલિલોને ધ્યાનમાં લઈ જજ એ.કે. રાવે દુષ્કર્મ આચરનાર કાન્તિ અરજણભાઈ ભરવાડને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી હતી.

## માલપુરના મેવડા ગામે નીલગાયના ટોળાએ આશાસ્પદ યુવકનો ભોગ લીધો

### ખેતરમાં રખોપુ કરતા યુવકને નીલગાયે અડફેટે લેતા કુવામાં પડતા મોત

અરવલ્લી જીલ્લામાં નીલગાય અને ભૂંડના ત્રાસથી ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. શિયાળુ પાકનો ખાત્મો બોલાવતા નીલગાય અને ભૂંડના ત્રાસથી બચવા માટે ખેડૂતોને રાત્રે ફરજીયાત ઉજાગરા કરવાની નોબત આવી છે. ખેડૂતો રાત્રીના સુમારે પોતાના મહામુલા પાકને બચાવવા જીવન જોખમે ચોકી કરી રહ્યા છે. ત્યારે માલપુર તાલુકાના મેવડા ગામે ખેતરમાં ખેતીનું રખોપુ કરવા ગયેલા યુવકને નીલગાયના ટોળાએ અડફેટે લેતા યુવક કુવામાં ખાબકતા મોત નિપજતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. નીલગાયની અડફેટે યુવકનું મોત થતા માલપુર પોલીસે યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સોમવારે રાત્રે રાબેતા મુજબ માલપુર તાલુકાના મેવડા ગામના જગદીશભાઈ રમણભાઈ પટેલ (ઉં.વર્ષ-આશરે.૪૨) તેમના ખેતરમાં પકવેલા પાકનું નીલગાયોથી થતું ભેલાણ અટકાવવા ચોકી પહેરો કરવા ગયા હતા. ખેતરમાં યમદૂત બનીને ત્રાટકેલા નીલગાયોના ટોળાને ભગાડવા જતા નીલગાયોનુ ટોળું જગદીશભાઈ તરફ ધસી આવતા નીલગાયની ટક્કરથી ખેડૂત ખેતરમાં રહેલા કુવામાં ખાબકતા કુવામાં રહેલા પાણીમાં ગૂંગળાઈ જવાથી મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. રાત્રીએ ખેતરનું રખોપુ કરવા જનાર ખેડૂત ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરાતા ખેડૂતનો મૃતદેહ કુવામાંથી મળી આવતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.



# ધનસુરા તસ્કરોના હવાલે

## રેલવે ફાટક નજીક ક્રશરની ફેક્ટરીમાં ૧.૭૫ લાખ અને વડગામના કારખાનામાં ૨૫ હજારના મુદ્દામાલની ચોરીના દ્રશ્યો સીસીટીવીમાં કેદ

ધનસુરા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં



ઘરફોડ ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગ સામે પણ વારંવાર થતી ચોરી, લૂંટની ઘટનાથી સવાલ પેદા થયા છે. ધનસુરા ગામમાં છાસવારે ચોરી થતા વેપારીઓ અને ગ્રામજનોએ ચારરસ્તા પર ચક્કાજામ કરી પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે વિરોધ નોંધાવ્યાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એકવાર ધનસુરા રેલવે ફાટક નજીક ક્રશરની ફેક્ટરીમાં તસ્કરો ત્રાટકી ૧.૭૫ લાખના માલસામાનની લૂંટ ચલાવી નજીક આવેલ વડાગામની કચરાના કારખાનામાં ૨૫ હજારની ચોરી કરી પલાયન થઈ જતા ફેક્ટરી માલિકે ધનસુરા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ધનસુરામાં એક મહિનાના ટૂંકા ગાળામાં ૧૬થી વધુ ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતા લોકોમાં ભય ફેલાયો છે.

ધનસુરા નગરના રેલ્વે ફાટક પાસેના શ્રી મંગલમ એન્જીનીયરીંગ નામના ક્રશરના કારખાનામાં ૨૦ દિવસ અગાઉ પણ કારખાના આગળ પડેલ રૂ. ૭૫૦૦૦ કિંમતનો લોખંડનો સરસામાનની ચોરી થયા પછી રવિવારે રાત્રે ફરીથી કારખાના આગળ પડેલ રૂ.૧ લાખના માલસામાનની ચોરી થતા ફેક્ટરી માલિકે કારખાનામાં લગાડેલ સી.સી.ટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા સવારે ત્રણથી પાંચના સમયગાળા દરમિયાન ચોરો લોખંડના પાટા અને એંગલો ઉઠાવતા સી.સી.ટીવી



કેમેરામાં કેદ થયા હતા જેથી ફેક્ટરી માલીકે ધનસુરા પોલીસને જાણ કરી ધનસુરાપોલીસ મથકે અલગ અલગ દિવસોમાં બે વાર થયેલ રૂ.૧૭૫૦૦૦ના ચોરીની ફરીયાદ નોંધાવતા ધનસુરા પોલીસે દુકાનના સી.સી.ટીવી ફુટેજ કબ્જે લઈ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ચોરીનો ગુન્હોં નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ધનસુરા પંથકમાં ચોરીની સોળમી ઘટના બનતા ધનસુરાની સુરક્ષા સામે અનેક સવાલો ઉભા થયા છે અને પ્રજામાં ફફડાટ ફેલાયો છે ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

# પ્રાંતિજ ચિત્રિણી કોલેજ સ્કૂલ ખાતે રમતોત્સવનો પ્રારંભ

## એક અઠવાડિયા સુધી વિવિધ રમતો યોજાશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી કોલેજ એન્ડ સ્કૂલ ખાતે રમતોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલ દ્વારા યોજાનાર વિવિધ રમતોનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ સ્કૂલ એન્ડ કોલેજ ખાતે આજથી ખેલ મહોત્સવનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો જેમાં એક અઠવાડિયા સુધી યોજાનાર વિવિધ રમતોનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વોલીબોલ, ક્રિકેટ, ખોખો, ગોળા ફેક, લાંબી કુદ સહિતની વિવિધ રમતો યોજાશે. જેમાં નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ એએનએમ, જીએમએમ, બીએસસી, એમએસસી, બીટીપી, બીએડ, એમએસડબ્લ્યુ



કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આજથી શરૂ થતા આ રમતોત્સવનો પ્રારંભ પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલે ઉપસ્થિત રહીને કાર્યક્રમને ખુલ્લો મુકી તેમના હસ્તે વિવિધ રમતોનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ રમતોત્સવ એક અઠવાડિયા સુધી ચાલશે.

આ પ્રસંગે વિવિધ મહેમાનો મહાનુભાવો સહિત સંસ્થાના ટ્રસ્ટી એ.કે. પટેલ, વિવિધ કોલેજના પ્રિન્સિપાલો સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતો. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન કિંજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.